સિટીલાઇફનાં INHOUSE ARREST કાર્યક્રમમાં શહેરનાં તજજ્ઞો સાથે ડિબેટ

#MeToo આવકારદાયક પરંતુ બેધારી તલવાર જેવું

MeToo પર ડિબેટ પછી કેટલાક વિદ્યાર્થીઓએ પ્રશ્ન કર્યાં, જેના જવાબ મહેમાનોએ આપ્યા

તાજેતરમાં સંદેશ સિટીલાઈફનાં INHOUSE ARREST કાર્યક્રમ અંતર્ગત આ વખતે સોશિયલ મીડિયા પ્રચલિત વિષય #METOO વિષય પર એક ડિબેટ યોજાઈ. આ કાર્યક્રમમાં ડિવાયએસપી પન્ના મોમાયા, એડવોકેટ રાજેન્દ્ર શુક્લા, એડવોકેટ સોનલ જોશી, ડ્રામા ડિરેક્ટર અને રાઈટર અર્ચના ચૌહાણ, જીએનએલયુનાં ફેકલ્ટી ડીન આર.કે.સિંહ, પીડીપીયુનાં સાઈકોલોજી એન્ડ વુમન સેલનાં ચેરપર્સન રિતુ શર્મા, સોશિયલ એક્ટિવિસ્ટ રૂઝાન ખંભાતા અને ગુજરાતી નાટક અને ફિલ્મનાં વરિષ્ઠ કલાકાર ભાવિની જાની ઉપસ્થિત રહ્યાં હતા. કાર્યક્રમની રૂપરેખા તથા સ્વાગત સંદેશનાં વરિષ્ઠ પત્રકાર બિપીનકુમાર શાહે કર્યું. ત્યાર બાદ પહેલા રાઉન્ડમાં હાલ ચાલી રહેલા સોશિયલ મીડિયાનાં કેમ્પેન #metoo પર દરેકે પોતાના અભિપ્રાય રજૂ કર્યા હતા. ત્યારબાદ તે ચર્ચામાં ઊઠેલા સવાલો પર ડિબેટ થઈ અને હાજર રહેલા કેટલાક વિદ્યાર્થીઓએ પણ પ્રશ્નોત્તરી કરી, જેના જવાબ મહેમાનોએ આપ્યા. સમગ્ર ડિબેટનું કન્ક્લુઝન સંદેશના પ્રખ્યાત કોલમિસ્ટ અને પદ્મશ્રી દેવેન્દ્ર પટેલે કર્યું. આ ડિબેટમાં આ કેમ્પેનને ૩૬૦ ડિગ્રી પર રાખીને જોવામાં આવ્યું. તેના સારા નરસા પાસાઓ પર પણ ચર્ચા કરવામાં આવી. આ ડિબેટમાં હાજર રહેલ એક્સ્પર્ટનાં અભિપ્રાય કંઈક આ પ્રમાણે રહ્યાં...

CityLife સંદેશ
In House Arrest
Metoo debate
સંદેશ

પહેલા આવા કિસ્સાઓ બનતા, પણ હવે જાગ્રત્તિ આવતા FIR વધુ નોંધાય છે

આજે ઘણાં લોકોને એમ થાય છે કે # Me Tooમાં જે બહેનો સોશિયલ મીડિયા પર બોલી રહી છે તે સમયે તેઓ કેમ ચૂપ હતાં? આ પ્રશ્ન સ્વાભાવિક છે કે થાય જ પણ એ ઉમ્રમાં બોલવાની હિંમત ન હતી કે કોઈ સાથ આપવા વાળા ન હતા એટલે ન બોલી શક્યાં. જો કે હવે બહેનોને કાયદામાં વિશ્વાસ જાગ્યો છે અને તેઓ દ્રઢ પણે માની રહી છે કે જે થયું એ ખોટું થયું પણ હવે કોઈ બીજી છોકરી કે મહિલા આનો ભોગ બનતી અટકે અને પોતાની સત્તાનો દુરૂપયોગ કરનારાઓને સજા થાય માટે તેઓ પોતાના નામ અને ડેઝિગ્નેશન સાથે બંડ પોકારી રહી છે. પહેલાં પણ આવા કેસ થતાં હતા, પણ જાગ્રત્તિના અભાવે એફ.આઈ.આર. થઈ શકતી ન હતી. હવે એફ.આઈ.આર.ની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. એક સ્વસ્થ સમાજનું નિર્માણ કરવા માટે આપણે જ આગળ આવવું પડશે. ભોગ બનેલી મહિલાઓની લડતમાં આપણે પણ સાથ આપવો જોઈએ.

- ફબા મોમાયા, ઇન્ચાર્જ ડીવાયએસપી, મહિલા કાઇમ બ્રાન્ચ

આ લડાઈ સ્ત્રી કે પુરુષોની નથી, આ લડાઈ અચ્છાઈ અને બૂરાઈની છે

લોકો પ્રશ્ન ઉઠાવે છે કે ૧૦ કે ૨૫ વર્ષ પછી મહિલાઓ કેમ બોલે છે. તો એ વિશે કહેવું છે કે બની શકે ત્યારે એટલી હિંમત ન હોય. આજના સમયમાં મહિલાઓને એવું લાગે છે કે તે અવાજ ઉઠાવે તો કોઈ સાંભળશે. તેને એવું વાતાવરણ હવે મળ્યું છે અને હવે સોશિયલ મીડિયાનાં માધ્યમથી મહિલાઓને ખ્યાલ આવ્યો છે કે તેના જેવા અન્ય લોકો પણ છે જેને ન્યાય મળ્યો છે એટલે હવે તેને ચૂપ રહીને સહેવા કરતાં ગુનેગારને બહાર પાડવો યોગ્ય લાગે છે, તેથી હવે આટલા વર્ષ બોલે છે. ખરેખર તો આ લડાઈ સ્ત્રી કે પુરુષોની નથી, આ લડાઈ અચ્છાઈ અને બૂરાઈની છે. મી ટૂ નો દાવો પુરૂષો પણ કરી જ શકે. જ્યારે લોકો સવાલ કરે છે કે પૈસા કે પબ્લિસિટી માટે પણ મહિલાઓ આવા આરોપ મૂકી શકે ત્યારે એટલું જ કહીશ કે ૧૦૦ એ ૨ કેસ એવા હશે પણ મોટે ભાગે કોઈ પણ સ્ત્રી પોતાની આબરૂનાં બદલે પબ્લિસિટી કે પૈસા મેળવવાનું પસંદ ન કરતી હોય.

- રૂઝાન ખંભાતા, સોશિયલ એક્ટિવિસ્ટ

કેટલાક લોકો એમ્બિશિયસ મહિલાની સફળતાની લાલચનો ફાયદો ઉઠાવે છે

હું ડ્રામા રાઇટર અને ડિરેક્ટર છું. મુંબઈ જેવા શહેરમાં જ્યાં ફિલ્મમાં પુરૂષોની મોનોપોલી ચાલતી હોય ત્યાં મારા જેવી ફીમેલને ટેલેન્ટ હોવા છતાં સંઘર્ષ કરવો પડે છે. જે ફીમેલ મી ટૂ કરીને બોલી શકે છે તેમની હિંમતને દાદ આપવી પડે કેમકે અમારી ઇન્ડસ્ટ્રીમાં આ ખુબ જ કોમન બાબત છે. એવી ઘણી મહિલાઓ છે જે એમ્બિશિયસ છે, જેને કરિયરમાં આગળ વધવું છે, તે આ બધુ ચૂપચાપ સહન કરીને બેઠી છે. કેટલાક લોકો એમ્બિશિયસ મહિલાની સફળતાની લાલચનો ફાયદો ઉઠાવતા હોય છે. તેથી જે પીડિતા બહાર આવીને બોલે છે તેને એપ્રિશિયેટ કરવી જોઈએ. આવી મહિલાઓની સાથે ખરાબ વર્તન એક વાર થયુ હશે પરંતુ તે રોજેરોજ અંદર અંદર ઘૂંટાતી હશે અને ખૂબ જ હિંમત કેળવવી પડી હશે તેને જાહેરમાં આ વાત બોલતી વખતે.

- અર્ચના ચૌહાણ, ડ્રામા રાઇટર-ડિરેક્ટર

કેસનો તાર્કિક અંત ન આવે ત્યાં સુધી લડો પૈસા લઈ સમાધાન ન કરો

જો તમે સાચેજ ભોગ બન્યાં હોવ તો એજ સમયે ફરિયાદ દાખલ કરવી જોઈએ, ત્યારે નહીં અને હવે કેમ? કેમ કે તમે હવે સેટલ થઈ ગયાં છો અને તમારામાં રિવેન્જની ભાવના જન્મી છે અને સક્ષમ છો એટલે સોશિયલ મીડિયામાં તમારો અવાજ ઉઠાવો છો. આ એક સરાહનીય કેમ્પેન છે સાચેજ તમે પીડિતા હોય અને ન્યાય ઝંખતા હોવ તો છેક સુધી લડી લો, લડાઈની વચ્ચે પૈસા લઈ સમાધાન ન કરો. આવા અસંખ્ય કેસ કોર્ટમાં દરરોજ ચાલતા હોય છે અને બે વર્ષ કે પાંચ વર્ષના સંઘર્ષ બાદ પૈસા લઈ સમાધાન થઈ જાય છે એનો સીધો મતલબ એ થયો કે તમે તમારી સાથે જે થયું એની કિંમત વસૂલ કરવા માગો છો. રેપ થયેલ હોય તો તેની ફરિયાદ નોંધાવવા માટે કોઈ સમયગાળો નથી. ગમે ત્યારે ફરિયાદ દાખલ કરી શકાય છે. કેસ લડો એનો તાર્કિક અંત આવે ત્યાં સુધી લડો, એની સાથે સમાધાન ન કરો.

- આર. એન. શુક્લા, વકીલ



Me Tooના તમામ કેસ ૩૫૪ અને ૫૦૯ એક્ટ હેઠળ ચાલશે

Me Too, અંતર્ગત હાલ જે કેસ સામે આવી રહ્યાં છે તેની સત્યતા કેટલી, તે સામે પ્રશ્નાર્થ સર્જાય છે. બહેનો સોશિયલ મીડિયાના માધ્યમથી પોતાની વ્યથા ઠાલવી રહી છે તે આવકારદાયક છે, પરંતુ એમાં સાચા કેસની સંખ્યા સામે ફેક કેસ વધુ હોઈ શકે છે. જો કે કાયદો કાયદાનું કામ કરશે અને પીડિતાઓને ન્યાય મળશે. વર્ક પ્લેસ કે ગમે તે જગ્યાએ થતી હેરેસમેન્ટ અને મોલેસ્ટેશનનાં કેસમાં વધુમાં વધુ ૬૦ દિવસની અંદર ફરિયાદ કરવાની જોગવાઈ છે. જો કે કોઈ સંજોગોવસાત કેસ ફાઈલ ન કરી શક્યા હોય તો આ તમામ કેસ ૩૫૪ અને ૫૦૯ એક્ટ હેઠળ ચાલશે. જેમાં દોષિતોને લાઇફ ટાઇમ સુધીની સજા પણ થઈ શકે છે. વિશાખા વર્સિસ રાજસ્થાન કેસની ગાઇડલાઇન અનુસરી ન્યાયતંત્રે પ્રિ વિશાખા, પોસ્ટ વિશાખા સાથે મી ટુના કેસને સાંભળવા જોઈએ. બોર્ડે આમાં સુકા ભેગું લીલું ન બળી જાય એ વાતની તકેદારી તંત્રએ રાખવી જોઈએ.

- આર.કે. સિંહ, ફેકલ્ટી ડીન ઓફ GNLU

કલ્ચરમાં ઓવર નાઇટ ચેન્જ નહીં આવે, આપણે માઇન્ડ સેટ બદલવો પડશે

Me Too જે લડત શરૂ થઈ છે તેની અસર આપણી આવનારી પેઢી પર પડશે. આપણી આવનારી પેઢીને કેવા વેલ્યુઝ આપવા મગીએ છીએ તેમજ કેવા સમાજનું નિર્માણ કરવા ઇચ્છીએ છીએ તે જોઈ આપણી પેઢી અનુસરશે. આજે પાવર ઓફ કલ્ચરને બદલે કલ્ચર ઓફ પાવરનું નિર્માણ થઈ રહ્યું છે. આપણને ફ્રિડમ ઓફ એક્સ્પ્રેશનનો ૬૬૬ તો મળી ગયો એ એની ફળશ્રુતિ છે. Me Too અંતર્ગત આપણે જે સાંભળી રહ્યાં છીએ તેનાથી આજે એક વાતની પ્રતીતિ તો થાય જ છે કે આ બધા પાછળ કોઈ નાના માણસો નહી પરંતુ તમામ વ્હાઇટ કોલર ધારકો છે. આ કલ્ચરમાં ઓવર નાઇટ ચેન્જ નહીં આવે માઇન્ડ સેટ બદલવો પડશે. પ્રિવેન્શન ઇઝ ઓલવેઝ બેટર થેન ક્યોર આ દિશામાં પગલાં લેવાની જરૂર છે. જો આપણે આમ નહીં કરીએ તો આપણી આવનારી પેઢી સાથે આપણે અન્યાય કરીશું.

- રિતુ શર્મા, સાયકોલોજી એન્ડ વુમન સેલ ચેર પર્સન, PDPU

હજુ સુધી ગવર્નમેન્ટ તરફથી કોઇ કમીટિની રચના કરવામાં આવી નથી

નાની વયની છોકરીઓની છેડતીની સાથે જ # Me-Tooની શરૂઆત થાય છે. છોકરીઓ ગેમ તે સિચ્યુએશનમાં પ્રથમ પડાવે જ આવી હરકતો સામે અણગમો બતાવી તેને થતી રોકવી જોઇએ. આ કેમ્પેન સરાહનીય છે. બહેનો હવે એ લાયક થયેલ છે કે તેઓ પોતાના નેમ અને ફેમની પરવાહ કર્યા વગર મેદાને આવી રહી છે, પરંતુ દુઃખની બાબત એ છે કે આ કેમ્પેન શરૂ થયાના દિવસો વીતિ ગયાં હોવના છતાં ગવર્નમેન્ટ તરફથી કોઇ કમીટિની રચના કરવામાં આવી નથી. આ કમીટીના માધ્યમથી પીડિતાને ન્યાયની સાથે આરોપીને દંડ થશે, જેના લીધે સમાજમાં એક દાખલો બેસશે અને પુરૂષો સ્ત્રીઓને ખરાબ નજરથી જોતા અટકશે. આવા કેમ્પેન ચલાવવા કરતાં તેવી પરિસ્થિતીનું નિર્માણ ન થાય તેવા પ્રત્નો કરવામાં આવે તેમજ તે અંગેની સમજણ આપણા ઘર પરિવાર તરફથી પણ આપવામાં આવે તો એક સારા સમાજની રચના થશે.

- સોનલ જોષી, એડવોકેટ

લાઈવ ડિબેટમાં એનર્જેટિક વેમાં પોતાનાં પોઈન્ટ ઓફ વ્યૂ રજૂ કરતાં એક્સ્પર્ટ્સ

ટીમ સિટીલાઇફ યાસ્મિન શેખ, નિકુલ વાઘેલા, પ્રકૃતિ ઠાકર, સચિન જાદવ

જ્યારે સિટીલાઇફ ટીમે વાચકોનો અભિપ્રાય માગ્યો ત્યારે કંઈક આવો ઉત્તર મળ્યો

સોશિયલ મીડિયાના કેમ્પેન લાંબા ચાલતા નથી

#me too કેમ્પેન એ માત્ર સોશિયલ મીડિયામાં ચાલતા કેમ્પેનમાંનું એક કેમ્પેન છે. નિર્ભયા કેસમાં જેમ સોશિયલ મીડિયામાં કેમ્પેન ચાલ્યું અને જતુ રહ્યું, તેવી રીતે આ પણ આવીને જતુ રહેશે. આ પ્રકારના કેમ્પેન માટે હું માત્ર એવું જ કહેવા માગીશ કે, બળાત્કાર તેમજ હેરસમેન્ટના બનાવો પણ અત્યારે ખુબ જ વધારે બને છે, પરંતુ એવું નથી કે આપણે આ બધી ઘટનાઓના અવાજ સોશિયલ મીડિયા પર જ ઉઠાવીએ. આપણું ન્યાયતંત્ર ખુબજ સારૂં છે અને દરેક ગુનેગારોને યોગ્ય ન્યાય મળતા આવ્યા છે, પરંતુ હાલમાં સેલેબ્સ લાઇમલાઇટમાં આવવા માટે અને અર્થ વગરની કોન્ટ્રોવર્સી ક્રિએટ કરવા માટે સોશિયલ મીડિયાનો સહારો લઈ રહ્યાં છે. હું માત્ર એ જ કહેવા માગીશ કે આ પ્રકારના બનાવ તમારી જોડે જ્યારે પણ ઘટે ત્યારે જ તમારે ડર્યા વગર તેના પર લીગલ એક્શન લેવા જોઈએ. આ પ્રકારના કેમ્પેનમાં એક જ વ્યક્તિની વાત સાંભળીને ઘણા બધા નિર્દોષ વ્યક્તિ ફસાઈ જવાના કેસ જોવા મળ્યા છે. જેવી આ પ્રકારના કેમ્પેનમાં હોબાળાઓ વધારે અને યોગ્ય રિઝલ્ટ ઓછા જોવા મળે છે.

- ગંગ્ખના હીરાગર, સિટીલાઇફ સંદેશ વાચક

#MeToo ભવિષ્યમાં ન થાય તેનું ધ્યાન રાખવું જરૂરી થઈ ગયું છે

#Me Too આ કેમ્પેન દ્વારા એમ કહીશ કે આ કેમ્પેન થકી જે મુહીમ ચલાવવામાં આવી છે તે એક મહિલા તરીકે તેને બિરદાવું છું. આ પ્રકારનાં કેમ્પેન ધૂમ્સ્મામાં રહેલી હિંમતને વધારે છે અને તેમનામાં પોતાની આપવીતી કહેવાની હિંમત આવી તે વાતને પોઝિટિવ રીતે લેવી જોઈએ. જેટલું બને તેટલું મહિલાઓને પોતાની વાત રજૂ કરવાની સ્પેસ આપવી જોઈએ અને ભવિષ્યમાં ક્યારેય #Me Too જેવા કેમ્પેનની જરૂર ના પડે તેનું ધ્યાન રાખવું જોઈએ.

- અંજલિ શુક્લ, સ્ટુડન્ટ

મહિલા દ્વારા પોતાની વાત ન કહી શકવાનાં કારણો જોવા જોઈએ

#Me Too કેમ્પેન ફક્ત બોલિવુડની એક્ટ્રેસ માટે જ નહીં પણ બીજી સમાજની મહિલાઓને પણ સુરક્ષિત કરી શકે તેવું કેમ્પેન છે. કોઈ પણ મહિલાની સાથે જે તે સમયે થયેલ શોષણ અથવા છેડતીની વાત જો તે મહિલા ૨૦ વર્ષ પછી પણ ઉઠાવે છે, તો તેમાં તેની પાછળ તે વાત ન કહી શકવાનાં કારણો જોવા જોઈએ. મારા મતે મહિલાઓ દ્વારા પોતાની સાથે થયેલા અત્યાચારની વાત રજૂ કરવાની જે હિંમત દાખવવામાં આવી છે અને સોશિયલ મીડિયાનો સદ્ઉપયોગ કરીને પોતાની વાત લોકો સુધી પહોંચાડીને અમુક કહેવાતા લોકોને ખુલ્લા પાડ્યા છે, તે ખરેખર એક ઉમદા બાબત છે.

- ઉપાસના બોરખતરિયા, સ્ટુડન્ટ

આ કેમ્પેન સિટી કરતા ગામડાઓ સુધી પણ પહોંચવું જોઈએ

#Me Too કેમ્પેન દ્વારા સ્ત્રીઓ પોતાની વાત રજૂ કરી રહી છે તો તેને ધ્યાનમાં રાખું તો આપણા બંધારણમાં જે અભિવ્યક્તિની સ્વતંત્રતાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેનો યોગ્ય ઉપયોગ થઈ રહ્યો છે. જોકે #Me Too કેમ્પેન દ્વારા બોલિવુડનાં ઘણાં એવા નામ બહાર આવ્યા છે જે આઘ્ર ર્ચમાં મુકી દે તેવા છે. #Me Too કેમ્પેન દ્વારા અમુક ઉપભોગી લોકો જે સ્ત્રીઓનું શોષણ કરતા ખચકાતા ન હતા તેવા લોકોમાં પણ હવે એક પ્રકારનો ડર આવી ગયો છે. પણ આ કેમ્પેન ફક્ત બોલિવુડ કે અન્ય મોટા શહેરો કરતા ગામડાઓમાં થતા શોષણો સુધી પણ પહોંચવું જોઈએ.

- યુવરાજ સઉિલ, સ્ટુડન્ટ

શોષિત વ્યક્તિની વાતનો પોલિટિકલ ઇશ્યૂ ન બને તેનું ધ્યાન રાખવું

મારા મતે #Me Too કેમ્પેન એની જગ્યાએ બરાબર છે પણ આ એક સોશિયલ મીડિયા પ્રસ્તુ સીમિત ન રહીને જે તે ગુનેગારોનાં ગુનાને સાબિત કરીને તેમના વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી થવી જોઈએ. જ્યારે શોષિત વ્યક્તિ પોતાની વાતને મજબૂત જવાબ આપવો જોઈએ. ઘણીવાર આ પ્રકારનાં મુદ્દાઓ સાથે અમુક પોલિટિશિયન્સ પોતાનાં સ્વાર્થ માટે પોલિટિકલ ઇશ્યૂ પણ બનાવતા હોય છે. જેનાથી પણ એક શોષિત વ્યક્તિએ ચેતવું જરૂરી બની જતું હોય છે. જ્યારે પણ આ પ્રકારનાં કોઈ પણ કેસ વુમન સેલમાં નોંધવામાં આવે ત્યારે તેનાં પર તરત કાયદાકીય કાર્યવાહી થાય તેનું પણ ધ્યાન રાખવું જરૂરી છે.

- કમલ પરમાર, સ્ટુડન્ટ

આ વિષય પર ગુજરાતની વાત કરીએ તો જે કેસ સ્ટડી સામે આવ્યા છે તેમાંથી કેટલાક સાચા કિસ્સા આ પ્રમાણે છે

મહિલા વકીલને પ્રામોશનની લાલચ આપી છેડતી કરતા વકીલ સામે ફરિયાદ નોંધાવાઈ

કેસ સ્ટડી 1

હાઈકોર્ટમાં મહિલા વકીલે સિનિયર કાઉન્સિલ અને જજ સામે એલિગેશન કરી, જાતીય સતામણી કમિટીમાં બંને વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં મહિલા વકીલ જુનિયર લેવલ પર હતી ત્યારે હાઈકોર્ટમાં પ્રેક્ટિસ કરવા જાય ત્યારે સિનિયર કાઉન્સિલ એને ફોર્સ કરી કહેતા કે રાત્રે પ્રેક્ટિસ ચાલુ કર તો દિવસ દરમિયાન તને કાયમની પ્રેક્ટિસ ચાલુ થઈ જશે. તેમજ તું મારા ઘરે આવીને પિટિશન ફાઈલ કરતી થઈ જઈશ તો તને હું સુપ્રીમ કોર્ટ સુધી લઈ જઈશ તેમજ પ્રમોશનની લાલચ આપી તેની સાથે છેડછાડ શરૂ કરતાં મહિલા વકીલે જાતીય સતામણી કમિટીમાં આ અંગેની ફરિયાદ દાખલ કરી કાયદેસરના પગલાં લેવાની માગ કરી છે.

ચેમ્બરમાં કેસ ચાલાવવા ફરજ પાડતા જજ સામે મહિલા વકીલે ફરિયાદ નોંધાવી

કેસ સ્ટડી 2

મહિલા વકીલ કોર્ટમાં રજૂઆત કરવા જ્યારે પણ જાય ત્યારે તેને જજ દ્વારા સ્પષ્ટપણે કહેવાતું કે આ કેસ હવે મારી ચેમ્બરમાં ચાલશે. દરવખતે તેવો આગ્રહ રાખતા હતા. સામાન્ય રીતે જજની ચેમ્બરમાં માઇનોર રેપ, હેરસમેન્ટ સહિતના સંવેદનશીલ કેસ ચાલતા હોય છે. જ્યારે પણ કેસ ચેમ્બરમાં ચાલે ત્યારે સામે પક્ષના વકીલને પણ ચેમ્બરમાં હાજર રહેવા ન દે અને મહિલા વકીલ સાથે દ્વિઅર્થી વાતો કરી તેની સાથે છૂટછાટ લેવાના પ્રયત્નો કરતા હતા. મહિલા વકીલ જજને પારખી જઈ પોતાના ક્લીગને આ કેસ હેન્ડ ઓવર કરી ફરિયાદ દાખલ કરેલ છે

સિનિયર મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવેલ હેરેસમેન્ટની નોંધવામાં આવેલ રિપોર્ટ	08%
મનેજર અથવા સુપરવાઇઝર દ્વારા કરવામાં આવેલ હેરેસમેન્ટની નોંધવામાં આવેલ રિપોર્ટ	36%
કોવર્કર દ્વારા કરવામાં આવેલ હેરેસમેન્ટની નોંધવામાં આવેલ રિપોર્ટ	60%
હેરેસમેન્ટ થયાની તુરંત કરેલ રિપોર્ટ	03%

સરકાર દ્વારા લોકસભામાં ૨૭ જુલાઈ ૨૦૧૮ અને ૧૫ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ રજૂ કરવામાં આવેલા રીપોર્ટમાં ઉપર મુજબ જાણવા મળ્યું હતું, ૨૦૧૮ના પહેલા ૭ મહિનામાં આખા દેશમાં મહિલાઓના યૌનશોષણના ૫૩૩ કેસ નોંધાયા હતા. મોટાભાગની મહિલાઓ સમાજમાં તેમની આબરૂ જાળવવા યૌનશોષણના કેસમાં ખુલ્લેઆમ ફરિયાદ કરતા ખચકાટ અનુભવે છે.

૨૦૧૪થી ૨૦૧૮ સુધીમાં મહિલાઓનાં યૌનશોષણના સૌથી વધુ ૭૨૬ કિસ્સા યૂપીમાં નોંધાયા છે. આ પછી ૩૬૯ કિસ્સા સાથે દિલ્હી બીજા ક્રમે, ૧૭૧ કેસ સાથે હરિયાણા ત્રીજા ક્રમે, ૧૪૭ કેસ સાથે મધ્યપ્રદેશ ચોથા ક્રમે, ૧૪૭ કેસ સાથે મહારાષ્ટ્ર પાંચમાં ક્રમે છે.

કેટલી ઉંમરનાં લોકો સેક્સ્યુઅલ હેરેસમેન્ટની રિપોર્ટ ફાઇલ કરે છે

18થી 34 વર્ષની ઉંમરનાં	17%
35થી 44 વર્ષની ઉંમરના	11%
45થી 54 વર્ષની ઉંમરના	10%
55થી વધારે વર્ષની ઉંમરના	09%

72%	વિક્ટિમ્સ રિપોર્ટ નથી કરતી
13%	વિક્ટિમ્સ સિચ્યુએશન પર કોઇ રિએક્શન નથી આપતી
54%	વિક્ટિમ્સ સિચ્યુએશન પર રિએક્ટ કરે છે
09%	વિક્ટિમ્સની સિચ્યુએશન વધારે વકરે છે

કેમ હરાસેન્ટના વિક્ટિમ્સ રિપોર્ટ નથી કરતા ?

- 40% વિક્ટિમ્સ ટ્રબલમેકર નથી બનવા માંગતી
- 18% વિક્ટિમ્સને પોતાની જોબ ગુમાવી દેવાની બીક હોય છે

તમામ લોકોનાં અભિપ્રાય આપ્યા બાદ દેવેન્દ્ર પટેલ જણાવે છે કે,

MeToo અદાલતનાં ધોરણે સાબિત થાય તે જરૂરી

આવા કેમ્પેન સ્ત્રીઓ માટે જરૂરી છે, પણ ડેન્જરસ વેપન જેવું છે. તેનો સદઉપયોગ અને દુરૂપયોગ બંને થઈ શકે છે. એવુ પણ બને કે ક્યારેક સ્ત્રીઓ અંગત કારણસર, બદલો લેવાની ભાવનાએ કે બદનામ કરવાના ઇરાદે પણ આ કેમ્પેનનો દુરુપયોગ કરી શકે. જ્યારે પણ કોઈ સ્ત્રી પુરુષ પર આ પ્રકારનો આક્ષેપ લગાવે છે ત્યારે તે અદાલતનાં ધોરણે સાબિત થાય તે જરૂરી છે. બીજી વાત એ છે કે આ કેમ્પેન પર તો આપણે એ જ સ્ત્રીઓની વ્યથા સાંભળી શકીએ છીએ જે શિક્ષિત છે અને જેને સોશિયલ મીડિયામાં અભિપ્રાય આપતા આવડે છે અથવા તો જે સિલિબ્રિટી નારીઓ છે. ભારતમાં જે નાની બાળકીઓ પર દુષ્કર્મ થાય છે, તેમની વેદનાને વાચા કોણ આપશે?

- દેવેન્દ્ર પટેલ (વરિષ્ઠ પત્રકાર, કોલમિસ્ટ- સંદેશ)

'મહિલા જાગ્રતિ જરૂરી છે. શક્તિનો દુરૂપયોગ ન થાય સાથે જ દુરાચારીઓને સજા થાય તો જ સમાજમાં સાચો સંદેશ પહોંચશે'

- બિપીનકુમાર શાહ (વરિષ્ઠ પત્રકાર, કોલમિસ્ટ- સંદેશ)